# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-06-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ડાંગ જીલ્લાના બિલીઆંબા ગામેથી શાળા પ્રવેશોત્સવનો આરંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો...
- નીટની પરીક્ષામાં ગેરરીતીના મામલે તપાસ મહિસાગર જીલ્લા સુધી પહોંચી. થર્મલ પાવર હાઉસ ખાતે આવેલી શાળામાં CBIએ કરી તપાસ..
- રાજ્યના 66 તાલુકાઓમાં આજે ભારેથી મધ્યમ વરસાદ-ખેડૂતોએ વાવણીના કર્યા શ્રીગણેશ..
- ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હવામાન વિભાગે આવતીકાલે ભારે વરસાદની આગાહી કરી....
- ડ્રગ્સના દૂષણને ડામવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટી ખાતે પરિચયન નામની ઓનસાઇટ ડ્રગ્સ ડિટેક્શન કીટનું અનાવરણ..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- SHALA PRAVESOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  ૨૧માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ ડાંગના બીલીઆંબાની પ્રાથમિક શાળામાંથી કરાવ્યો હતો.. તેમણે આ ગામની બાલવાટિકા, આંગણવાડી અને પ્રાથમિક શાળાના ૧૨૭ જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે બેસીને તેમની સાથે સંવાદ સાધ્યો હતો..તેમણે શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનોને પણ બાળકના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન આપી સામાજિક દાયિત્વ નિભાવવા અપીલ કરી હતી.

## (બાઇટ- મુખ્યમંત્રી)

# SHALA PRAVESOTSAV- DIST.

સમગ્ર રાજ્યમાં આજથી ત્રિ- દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે રાજ્ય સરકારના મંત્રીઓ, સચિવો, જીલ્લા કલેક્ટરો, અધિકારીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમો યોજાયો. જે અંતર્ગત,

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયાએ નર્મદા જીલ્લાના ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો..

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણાના બાકરપુરા ગામની પ્રાથમિક શાળાએથી  49 બાળકોનો શાળામાં પ્રવેશ કરાવ્યો. તો મહેસાણામાં મુખ્ય સચિવ રાજકુમારની અધ્યક્ષતામાં આ મહોત્સવ યોજાયો.

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે સિદ્ધપુર તાલુકામાં શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાવ્યો..

જામનગર જિલ્લામાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને જામજોધપુર તાલુકામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કાર્યક્રમો યોજાયા..

તાપી જિલ્લામાં આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ તો ભાવનગરમાં મંત્રી પરસોતમ સોલંકીએ બાળકોને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવ્યો..

દાહોદના મોટી ખજૂરી પ્રાથમિક શાળામાં સામાન્ય વહીવટ વિભાગ ઉપસચિવે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો..

અરવલ્લી જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં લીંભોઇની પ્રાથમિક શાળા ખાતેથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો..

શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે વડોદરા જિલ્લાની ૨૮૨ શાળામાં ૧૫ હજારથી વધુ બાળકોનો શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

પોરબંદર, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, નવસારી, છોટા ઉદેપુર સહિત અનેક જીલ્લાઓમાં પણ વિવિધ જીલ્લાના અધિકારીઓ સહિત અગ્રણીઓએ ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો...

# NEET CBI SEARCH

NEET પરીક્ષામાં ગેરરીતી મામલે સીબીઆઇની ટીમ ગોધરામાં તપાસ કરી રહી છે. હવે આ તપાસ આગળ વધીને બાજુના જીલ્લા એવા મહિસાગર સુધી પહોંચી છે.. નેટની પરીક્ષા ગોધરા અને થર્મલ સ્કૂલમાં પણ થઇ હતી.. થર્મલમાં આવેલી જય જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં CBIની ટીમ તપાસ માટે પહોંચી હતી.. સ્થાનિક પોલીસને સાથે રાખી CBIની તપાસ ટીમે થર્મલ ખાતે આવેલી જય જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં શોધ અભિયાન આદર્યું હતું... CBI ની આજની તપાસમં અન્ય વિગતો પણ બહાર આવે તેવી શક્યતા છે..

સીબીઆઇની તપાસ ટીમને ગેરરીતીના વધુ પુરાવા પણ આ તપાસ દરમિયાન મળે તેવી સંભાવના છે..

# RAIN/ WEATHER

રાજ્યમાં સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 66 તાલુકાઓમાં ભારેથી મધ્યમ વરસાદ નોધાયો છે.. જેમાં સૌથી વધુ ગીર સોમનાથના કોડિનારમાં 78 મિલીમીટર, જૂનાગઢમાં 71 મિલીમીટર અને મોરબીના ટંકારામાં 69 મિલીમીટર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે..

વરસાદની વિગતો આપતાં ગીર-સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકામાં બપોર બાદ બે કલાકમાં દોઢથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વાવણી લાયક વરસાદ થતાં ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીના પણ શ્રી ગણેશ કરી દીધા છે.

અમરેલીના વડીયા અને બાબરાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બપોર બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો જેને કારણે ખેડૂતોમાં આનંદ છવાઇ ગયો હતો અને લોકોને પણ ગરમીમાંથી રાહત મળી હતી..

સાબરકાંઠામાં પણ વરસાદના અહેવાલ છે.

જ્યારે હવામાન વિભાગે ગુજરાતમાં આવનારા સાત દિવસો દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આવતીકાલે બનાસકાંઠા નવસારી, વલસાડ ,દમણ દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અમરેલી ગીર સોમનાથ જુનાગઢ પોરબંદર દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ભારે વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ત્યારે ભાવનગરમાં પણ તકેદારીના ભાગરૂપે એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે.

# NFSU- DRUGS DAY

ડ્રગના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસ" નિમિત્તે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે સેમિનાર યોજાયો હતો.. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં  દક્ષિણ એશિયાના યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમના પ્રતિનિધિઓ અને NFSUના કુલપતિની ઉપસ્થિતિમાં "પરિચયન" નામની ઓનસાઇટ ડ્રગ્સ ડિટેક્શન કીટનું અનાવરણ થયું હતું. આ પ્રસંગે હરિયાણાની સ્ટેટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી વચ્ચે સમજૂતીના કરાર થયા હતા.

NFSUના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, સામૂહિક પ્રયાસોથી ડ્રગ્સની સમસ્યાને જડમૂળથી ઉખેડી નાખવા આપણે સફળ થઇશુ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને તેમણે નાર્કો-ટેરરિઝમ સામેના યુદ્ધમાં સક્રિય ભાગ લેવાની પણ અપીલ કરી હતી.

# International Anti-Drug Day

આજે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ છે ત્યારે નશા સામે જાગૃતિ કેળવવા માટે રાજ્યના અનેક જીલ્લાઓમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.. જે અંતર્ગત,

અમદાવાદના શહેર કોટડા વિસ્તારમાં પોલીસ તથા શાળાના બાળકો દ્વારા એક જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું..

રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાં નશાકારક પદાર્થોના દૂષણને ડામવા અંગે એક સેમિનારનું આયોજન કરાયું...

નર્મદા જિલ્લા પોલીસે "ડ્રગ્સને ના કહો જિંદગીને હા કહો"ના સૂત્રો, બેનર સાથે રાજપીપળામાં રેલી યોજી હતી...

કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસ  ખાતે  નુક્કડ નાટક ભજવીને લોકોને નશાથી દૂર રહેવાનો સંદેશો અપાયો...

દિવના ઘોઘલા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સેમિનાર યોજાયો હતો જેમાં વ્યસન મુક્ત જીવન જીવવા માટે લોકોને અપીલ કરાઇ..

દરમિયાન, પોલીસ વિભાગ દ્વારા પણ ડ્રગ્સ વિરોધી અભિયાન આદરવામાં આવ્યું છે. તાજેતરમાં જ અમદાવાદ ખાતે યોજાયેલા ડ્ગ્સ વિરોધી અભિયાના અંતર્ગત સેમિનારમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતું કે, નિદાન પોર્ટલ જેવા માધ્યમો દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી છે. ડ્રગ્સના દૂષણને ડામવા માટે પોલીસ વિભાગ સજ્જ છે અને જુદા જુદા વિભાગો દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

## (બાઇટ- વિકાસ સહાય, રાજ્ય પોલીસ વડા)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ

એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# Food licence -Rushikesh patel

ભારત સરકારની ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારાફૂડ સેક્ટરમાં ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેશ”ને વધુ પ્રોત્સાહન આપવા માટે અને ખાદ્ય પદાર્થના વેપાર સાથે સંકળાયેલા એકમોને તાત્કાલિક ફૂડ લાયસન્સ/રજીસ્ટ્રેશન ઇસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓની સરળતા માટે નવા ઉપક્રમ અંતર્ગત ગુજરાત રાજ્ય સહિત ચાર રાજ્યોમાં આ પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં આવશે. આ પાઈલોટ પ્રોજેક્ટનો શુભારંભ આગામી ૨૮મી જૂને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા દિલ્હી ખાતેથી કરાવવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓએ યોગ્ય દસ્તાવેજો સાથે www.foscos.fssai.gov.in પર ઓનલાઈન અરજી કરી, ફી ચૂકવવાની રહેશે. ફી ચૂકવ્યા પછી GST અને આધાર સાથે વેરિફીકેશન થયા બાદ વેપારીઓને તુરંત જ ફૂડ લાઇસન્સ/રજિસ્ટ્રેશન ઈશ્યુ કરવામાં આવશે. ખોટા દસ્તાવેજો દર્શાવી આ પ્રકારે લાયસન્સ/રજીસ્ટ્રેશન

મેળવાવાના પ્રયાસો કરતા વેપારીઓને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની કાર્યવાહી કરવામાં આવશે...

# NEWS IN BRIF

અને હવે રાજ્યના કેટલાંક સમાચારો સંક્ષિપ્તમાં...

- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ ગજ્જરને કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન અને નેતૃત્વ બદલ 2024ના વર્ષ માટેનો ડો.શ્યામાપ્રસાદ મુખર્જી પ્રશસ્તિપત્ર પુરસ્કાર એનાયત કરાયો..
- પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ મંડળથી ઉપડતી ચાર જોડી ટ્રેનોમાં વધારાના કોચ જોડવામાં આવશે.
- દમણ દીવના નવા ચૂંટાયેલા સાંસદ ઉમેશ પટેલ ગૃહમંત્રી અમિત શાહને મળ્યા..
- મહેસાણાની દૂધસાગર ડેરી હવે મધનું વેચાણ કરશે- ખેડૂતો અને પશુપાલકોને ડેરી દ્વારા મધ ઉત્પાદન માટે સુવિધા પુરી પાડવામાં આવશે.
- ગોધરામાંથી 4 લાખ રૂપિયાની નકલી ચલણી નોટોના જથ્થા સાથે બે ઝડપાયા- બંને આરોપી છ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા.
- પાળીયાદ ગ્રામ પંચાયત હદમાં આવતી આગિયારસો વીઘા ગૌચર પર કરાયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી..